# ડીસાના આખોલ આર.ટી.ઓ. પાસે ટ્રકની ટક્કરે બે યુવકોના મોત

ડીસા, તા. ૧૪

ડીસાના આજે વહેલી સવારે એક ટ્રકચાલકે આખોલ આર.ટી.ઓં ચારરસ્તા પાસે ના સર્વિસ રોડ પર મોટર સાયકલ પર સવાર થઈ જીઈ રહેલા બે યુવકો ને ગફલતભર્યું ડ્રાઈવિંગ કરી અડફેટે લેતા બન્ને ટ્રક ના તોતિંગ પૈડા નીચે ચગદાયા હતા. અને કરુન્તાએ મોત ને ભેટ્યા હતા.

બનાસકાંઠા નાં ડીસા માં આજે વહેલી સવારે એક ટ્રક અને મોટર સાઈકલ વચ્ચે સર્જાયેલા અકસ્માત માં મોટરસાયકલ પર સવાર બે યુવકો ટ્રક નીચે આવતા ચગદાઈ મોત ને ભેટ્યા હતા, આ ધટના ની વિગત જોઈએ તો લાખણી તાલુકા ના માણકી ગામે રહેતા અને ગુજરાત સમાચાર ની પરિતા એડ એજન્સી કાર્યાલય ડીસા માં અખબાર વિતરણ નું કામ સંભાળતા મુકેશભાઈ કચરાજી ઠાકોર ઉમર વર્ષ ૧૯ તેમજ શિવરામભાઈ ગલાજી ઠાકોર ઉમર વર્ષ૨૦ રાહે ગામ ભોરડું તાલુકો થરાદ વાળાઓ માણકી ગામ થી મોટરસાયકલ પર સાવર થઈ ડીસા આવી રહ્યા હતા જોકે તેવાજ સમયે ડીસાના આખોલ આર.ટી.ઓં ચારરસ્તા પાસે રોંગ સાઈડમાં સામેથી આવતા ટ્રક ચાલકે ગફલતભર્યું ડ્રાઈવિંગ કરી આ બન્ને ને અડફેટે લેતા બન્ને ટ્રક ના ટાયર નીચે કચડાયા હતા અને કરુન્તાએ ધટના સ્થળેજ મોત ને ભેટ્યા હતા .આ અધ્તા ની જાણ થતા સેવાભાવી મનુભાઈ આઁની એ પોતાની એમ્બ્યુલન્સ માં આ બન્ને મૃતકો ની લાશો ને ડીસાના સિવિલ હોસ્પીટલના પી.એમ. રૂમ માં ખસેડી હતી. જયારે પોલીસે અકસમાત કરી નાસી છુટેલા ટ્રક ચાલક વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ હાથ ધરેલ છે.

ગમખ્વાર અકસ્માતમાં ગુજરાત સમાચાર ની પરિતા એડ એજન્સીમાં અખબાર વિતરણનું કામ સંભાળતો આશાસ્પદ યુવક કરુણતાએ મોતને ભેટતા સમગ્ર અખબાર આલમ માં શોક છવાયો હતો.



## હિંમતનગરમાં કોંગ્રેસનું લઘુમતિ સંમેલન યોજાયું

હિંમતનગરના ટાઉન હોલ ખાતે સોમવારે કોંગ્રેસ લઘુમતિનું સંમેલન યોજવામાં આવ્યુ હતું. જેમાં એ.આઈ.સી.સી.ના મંત્રી સહિત ઉત્તર ગુજરાતના નિરીક્ષકો તથા ધારાસભ્ય અને જિલ્લા પ્રમુખ સહિત કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. આ સંમેલનમાં ધારાસભ્ય ગ્યાસુદ્દી શેખે ગુજરાતની ભાજપ સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. એ.આઈ.સી.સી.ના મંત્રી ઈરશાદબેગ મિરઝાએ લઘુમતિ સમાજને તકવાદી રાષ્ટ્રી વિરોધી અને વિઘટનકારી તત્વોથી સાવચેત રહેવા અપીલ કરી હતી. ધારાસભ્ય અશ્વિન કોટવાલ અને જિલ્લા પ્રમુખ વિપુલભાઈ પટેલે કેન્દ્રની ભાજપ સરકાર ગરીબ વિરોધી, કિસાન વિરોધી અને લઘુમતિ વિરોધી નીતિઓ સંદર્ભે જાટકણી કાઢી આગામી દિવસોમાં યોજાનાર સ્થાનિક સ્વરાજની ચૂંટણીઓમાં કોંગ્રેસની જીત માટે કાર્યકરોને કામે લાગી જવા અનુરોધ કર્યો હતો. (તસવીર : મગનજી વણઝારા, હિંમતનગર)

# ભિલોડાના વેપારીને મારનાર પાંચ ઈસમોની ધરપકડ

ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં કૈલાશ કોમ્પલેક્ષમાં દુકાન ધરાવતા કલ્પેશભાઈ હરીભાઈ પટેલ,ફેશન પોઈન્ટવાળા રેડીમેડ ગારમેન્ટના વેપારીને માર મારનાર પાંચ ઈસમોની પોલીસ ધ્વારા ધરપકડ કરાતાં ગ્રામજનો અને વેપારીઓએ હાશકારો અનુભવ્યો હતો.

ભિલોડા પોલીસ સુત્રો ધ્વારા પ્રાપ્ત માહિતી મુજબ ભિલોડામાં શામળાજી હાઈવે ઉપર રીક્ષા સાઈડમાં ઉભી રાખવા બાબતે વેપારીનો રીક્ષા ચાલક સાથે બોલાચાલી થતાં રીક્ષા ચાલકોએ અદાવત રાખી વેપારીને મારપીટ કરનાર પાંચ ઈસમોની ભિલોડા સી.પી.આઈ. એસ.જે.મોદીએ ધરપકડ કરેલ છે. આરોપી નંબર (૧) હરેશકુમાર ઉર્ફે ઢીંગો ભુરજીભાઈ બુવડ (૨) મનોજકુમાર ચંદુભાઈ બુવડ (૩) સંજયકુમાર પ્રવિણભાઈ ભગોરા (૪) હેમંતકુમાર ભુરજીભાઈ ભગોરા (૫) રાકેશકુમાર પ્રવિણભાઈ જોષીયારાની ધરપકડ પોલીસ ધ્વારા કરાઈ હતી.

ભિલોડામાં વેપારીને સામાન્ય બાબતે પાંચ ઈસમો ધ્વારા મારપીટ કરાઈ હતી ત્યારે જેના વિરોધમાં ભિલોડામાં શનીવારે બજારો સજ્જડ બંધ રહ્યા હતા. ભિલોડા-શામળાજી-ઈડર હાઈવે ચક્કાજામ કરાયો હતો. આ ઘટના સંદર્ભે ભિલોડા વેપારી એસોશીએશન ધ્વારા મામલતદાર કચેરીમાં મામલતદાર જી. કે. પટેલ, ભિલોડા પોલીસ સ્ટેશનમાં આવેદનપત્ર આપવામાં આવ્યું હતું. ભિલોડામાં વેપારીઓએ નાની-મોટી દુકાનો સોમવારથી ખોલી દીધી હતી.ભિલોડામાં બજારો રાબેતા મુજબ કાર્યરત કરાતાં ધંધા-રોજગાર ધમધમતા થયા હતા.

# ડીસાના ભોયણ ગામે મોટરસાઈકલસવાર અને રાહદારી સામસામે ટકરાતા બન્નેના મોત

ડીસા, તા. ૧૪

ડીસાના ભોયણ ગામે ગત મોડીરાત્રે સર્જાયેલા એક અકસ્માતમાં બે વય્કિત મોત ને ભેટી છે જેમાં મોટરસાયકલ સવાર યુવકે રસ્તા પર સામેથી આવતા એક ૪૦ વર્ષીય આધેડ ને ટક્કર મારતા બન્ને રોડ પર પટકાયા હતા અને ગંભીર ઈજાએ આ બન્ને ઘાયલો મોત ને ભેટ્યા હતા

બનાસકાંઠા નાં ડીસા તાલુકાના ભોયણ ગામે રાત્રી સમયે એક અકસ્માતની બનેલ ઘટના માં રાહ ચાલતી એક વ્યકિત અને મોટરસાયકલ મોત ને ભેટેલ હોવાની ધટના પ્રકાશમાં આવેલી છે, આ ધટના ની વિગત જોઈએ તો ગત મોડી રાત્રે ડીસાના ભોયન ગામ પાસે હોટલ ડીશન્ત નજીક પારસ ભાઈ પ્રવીણભાઈ દરજી ઉમર વર્ષ ૨૨ મોટર સાયકલ પરથી પસાર થઈ રહ્યા હતા જયારે તેજ સમયે બલવંતજી ધર્માજી ઠાકોર ઉમર વર્ષ૪૦ ઘંટી પર લોટ દળાવવા જતા હતા.તેવાજ સમયે આ મોટરસાયકલ સવાર અને રસ્તે ચાલતા વય્કિત સામસામે ટકરાતા બની રોડ પર નીચે પટકાયા હતા.જોકે આ ટક્કર એટલી જોરદાર હતી કે બન્ને ગંભીર રીતે ઘાયલ થયાભાતા અને ધટના સ્થળેજ મોત ને ભેટ્યા હતા,જેનાથી બન્ને ના પરિવારમાં માતમ છવાયો હતો, આ મામલે ડીસા તાલુકા પોલીસે તપાસ હાથ ધરી છે.



## શ્યામનગરના વિશ્વકર્મા મંદિરે ધજા આરોહણ કાર્યક્રમ યોજાયો

ખેડબ્રહ્માના વિશ્વકર્મા દેવસ્થાન સેવા સમિતિ સંચાલિત વિશ્વકર્મા મંદિરે શ્રાવણ વદ અમાસ નિમિત્તે ધજા આરોહણ કાર્યક્રમ યોજાયો હતો. આ મહોત્સવમાં વિશ્વકર્મા ભગવાનની ધજા જગદીશકુમાર સુથાર, શનિદેવની ધજા જતીન સુથાર અને ચામુંડા માતાજીની ધજા અરવિંદભાઈ સુથારે ચઢાવી ધર્મ લાભ લીધો હતો. આ પ્રસંગે ભગવાન સત્યનારાયણની કથાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેના યજમાન તરીકે જીજ્ઞાબેન જતીનભાઈ સુથારે ધર્મલાભ લધો હતો. આ કાર્યક્રમમાં સમાજના પ્રમુખ પરષોત્તમદાસ સુથાર, મણીલાલ સુથાર, મનુપ્રસાદ સુથાર, મહેન્દ્રભાઈ સુથાર, અશ્વિનભાઈ સુથાર સહિત મોટી સંખ્યામાં ભાવિકો હાજર રહ્યા હતાં.

(તસવીર : રમેશ વૈષ્ણવ)

# સીએનું અભ્યાસ સાહિત્ય હવે હિન્દીમાં પણ ઉપલબ્ધ

## ચાર્ટર્ડ એકાઉન્ટન્સી માટે પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે સારા સમાચાર : ડિસેમ્બરમાં પરીક્ષા લેવાય તેવી શક્યતા

અમદાવાદ, તા.૧૪

ચાર્ટર્ડ એકાઉન્ટન્સીની પરીક્ષા આપતા વિદ્યાર્થીઓ માટે એક સારા સમાચાર છે કે હવે પરીક્ષા માટેનું અભ્યાસ સાહિત્ય અંગ્રેજીની સાથે સાથે હિન્દી ભાષામાં પણ ઉપલબ્ધ બનશે.આ સ્ટડી મટિરિયલના કારણે ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારમાંથી આવતા અથવા અંગ્રેજી માધ્યમ સિવાયના માધ્યમમાંથી ભણીને આવતા ઉમેદવારો કે જેમને અંગ્રેજી સમજવામાં તકલીફ પડતી હોય તેમને ખુબ ઉપયોગી સાબિત થશે.

ઈન્સ્ટિટ્યૂટ ઓફ ચાર્ટર્ડ એકાઉન્ટન્ટસ ઓફ ઈન્ડિયા (આઈસીએઆઈ) દ્વારા ચાર્ટર્ડ એકાઉન્ટન્સીનો અભ્યાસ ચલાવવામાં આવે છે. આ અભ્યાસક્રમનું માધ્યમ અંગ્રેજી છે તેમજ તેનું અભ્યાસ સાહિત્ય પણ અંગ્રેજીમાં ઉપલબ્ધ છે. જેનાં કારણે ગુજરાત, હિન્દી કે અન્ય ભાષાનાં માધ્યમમાં ગ્રેજ્યુએટ થયેલા વિદ્યાર્થીઓને ચાર્ટર્ડ એ`કાઉન્ટરીન।। અભ્યાસક્રમમાં અભ્યાસ સાહીત્યને સમજવામાં ભારે સમસ્યાઓનો સામનો કરવો પડે છે. જે અંગે અવારનવાર ફરીયાદ સામે આવ્યા બાદ આઈસીએઆઈ તરફથી હવે અભ્યાસ સાહિત્ય હિંદી ભાષામાં પણ જાહેર કરવામાં આવ્યું છે. જેથી વિદ્યાર્થીઓને પરીક્ષા માટે સાહિત્ય ઉપરાંત પ્રેકિટસ કરવા માટેના મેન્યુઅલ્સ પણ હિંદી ભાષામાં ઉપલબ્ધ બનશે.

જો કે આ અભ્યાસક્રમ સાહિત્ય અને પ્રેકિટસ મેન્યુઅલ સીએની ફાઈનલ અને ઈન્ટરમિડિપેટ પરીક્ષા આપતા વિદ્યાર્થીઓને જ મળશે. જે વિદ્યાર્થીઓ માટે આગામી ડિસેમ્બર મહીનામાં યોજનારી પરીક્ષા માટે ખુબ જ ઉપયોગી પુરવાર થશે આ હિન્દી ભાષામાં અભ્યાસ સાહિત્યને વિદ્યાર્થીઓ, સીબીએસઈની સત્તાવાર વેબસાઈટ ઉપરથી ડાઉનલોડ કરી શકશે. આગામી પરીક્ષાની તૈયારી કરી શકશે.

# ડીસામાં રખડતા ઢોર મુદ્દે ગાંધીગીરી : પાલિકાએ ખાતરી આપતા આંદોલન સમેટાયું

ડીસા, તા. ૧૪

ડીસાના નાગરિકો નિત્ય રખડતા ઢોરથી સર્જાતા અકસ્માતો અને મોતના સંભવિત ભયના ઓથાર હેઠળ જીવી રહ્યા છે ત્યારે કાયદા કાનુન હોવા છતાં ,ઢોર માલિકોની નીસ્કાલજીએ .શહેરના માર્ગો પર રખડતા ઢોર રીતસર આતંક મચાવી રહ્યા છે.બીજીબાજુ ઢોરને રસ્તા પર રેઢા મૂકી દેનાર માલધારીઓ સામે પોલીસ કાર્યવાહી કરવા બનેલા નિયમો જાણે વામણા બની ગયા છે. તંત્રની આવી ઢીલી નીતિના પાપે ભોગ પ્રજાને બનવું પડે છે.ત્યારે આજે અનેકોના મોત બાદ પણ તંત્ર જાગૃત ન બનતા આજે ડીસા ના પ્રબુદ્ધ નાગરિકો એ આ મુદ્દે જંગ ના મંડાણ કરી પાલિકા કચેરી સામે મોરચો માંડી પ્રતિક ઉપવાસ કરતા અને આ ઉપવાસમાં વહેપારી, વકીલો , ડોકટરો, અને આમ નાગરિકો પણ જોડતા ડીસા નગરપાલિકા તંત્ર વિમાસણમાં મુકાયેલ. જોકે ચાર કલાકના હાઈ પ્રોફાઈલ ડ્રામા બાદ પાલિકાના ચીફ ઓફિસરે આ મુદ્દે બે દિવસમાં યુધ્ધના ધોરણે કામ કરવાની બાહેધરી આપતા આ આંદોલન સમેટાયું હતું.

બનાસકાંઠા ના ડીસા શહેરમાં રખડતા ઢોરોથી અનેકો મોતને ભેટતા આવા પશુઓં થી ભયભીત બનેલા લોકો અને નાગરિકો ને ભયમુકત કરવા ચલાવાઈ રહેલા 'રખડતા ઢોર મુક્ત ડીસા ' અભિયાન માં આજે સોમવારે ૧૦ કલાકે નગરપાલિકા કચેરી સામે મુખ્ય આંદોલનકારી અમરતભાઈ માળી એ પ્રતિક ઉપવાસ કાર્ય હતા કેમકે, ડીસા માં ઘણા વર્ષોથી ઢોરમુક્ત ની મોટી મોટી વાતો કરનારા શાસકો ખુદ ગમાણમાં પૂરાઈ ગયા હોય એવી સ્થિતિ વચ્ચે ફરી એકવખત ઢોરમાલિકો રીઢા બની ગયા છે. ઢોરને શહેરની બહાર ખદેડવામાં તો ડીસા નગરપાલિકા તંત્ર સદંતર નિષ્ફળ નીવડ્યું છે.

આ પ્રતિક પવાસ આંદોલન માં ડોક્ટર જીતેન્દ્ર નાગર, ધર્મરક્ષક કિશોરભાઈ દવે, આપ પાર્ટીના ભેમાભાઈ ચોધરી, મુસ્લિમ આગેવાન મહમદ ખોખર અને ઈકબાલભાઈ શેખ સહિતના આગેવાનો ટેકામાં જોડતા હરકતમાં આવેલા પાલિકા સતાધીશો એ મામલો વધુ ઉગ્ર બને તે પહેલા સમાધાનકારી વલણ અપનાવ્યું હતું, અને તેમની સૂચનાએ ડીસા પાલિકાના ચીફ ઓફિસર હેમંત પટેલે આજે આ સત્યાગ્રહ છાવણીમાં રૂબરૂ પહોચી આંદોલનકારીઓને સાંભળ્યા હતા. અને રખડતા ઢોરો મામલે બે દિવસમાં યોગ્ય કાર્યવાહીની ખાતરી આપતા આ આંદોલન સમેટાયું હતું,

## પોલ્સ ફીટ કરાશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુડા વિસ્તારમાં ઓછી તેમજ મધ્યમ આવક ધરાવતા પરિવારજનો માટે આવાસો બાંધવાનુ કામ પણ તેજ ગતિએ હાથ ધરવામાં આવ્યુ છે. જયારે હવે વિકાસના કામો ઉપરાંત માળખાગત સુવિધાના કામોમાં પણ ગતિ લાવવા નિર્ણય લેવાયો છે. ગુડાના સુત્રોમાંથી મળતી માહીતી અનુસાર ગુડાના ટી પી વિસ્તારમાં જયા રસ્તાના કામો પૂર્ણ થઈ ગયા હોય તેવા ઠેકાણે સ્ટ્રીટ લાઈટનુ કામ શરૂ કરી દેવાશે. તમામ રસ્તાઓ આસપાસ એલ ઈ ડી લાઈટના પોલ્સ ફીટ કરવામાં આવશે. ૫૦૦ જેટલા લાઈટીંગ પોલ્સ નાંખવામાં આવશે. જયારે આ કામગીરી પાછળ રૂપિયા ૨.૯૫ કરોડનો ખર્ચ કરવામાં આવશે. આ તબક્કે જરૂર હોય તેવા વિસ્તારમાં બે લાઈટ વાળા પણ ૧૦૦ જેટલા પોલ્સ મુકવામાં આવશે. ગુડાના ટી પી વિસ્તારમાં માળખાગત સુવિધાના કામો તબક્કાવાર હાથ ધરવામાં આવશે.





## પાલનપુરમાં ઝાડ પરથી અનોખી જાતિના અસંખ્ય પક્ષીના બચ્ચા પડતા નાગરિકોમાં અચરજ

પાલનપુરના સગ્રોસાના ગામ માં એક લીમડા ના ઝાડ પરથી ટપા ટપ જમીન પર કોઈ અનોખ પક્ષીના બચ્ચા જમીન પર પડતા ગામલોકો અચરજમાં મૂકી ગયા હતા. અંદાજીત ૫૦થી વધારે આ પક્ષીના બચ્ચા જમીન પર પડતા ગામલોકો એ હાથમાં પકડીને આ બચ્ચાઓને લીમડાની ઝાડની બખોલમાં સુરક્ષિત જગ્યાએ મુકુવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ આ નાના નટખટ મનમોહી લેતેવા પક્ષીના બચ્ચા ફરી જમીન પર આવી જતા હોવાથી ગામલોકોએ આ તમામ બચ્ચાને વાસની ટોપલીમાં સંગ્રહ કર્યો હતો ગામલોકોને જણાવ્યું અનુસાર લીમડાના ઝાડની બખોલના ૧૦૦ થી વાળું ઈન્ડા પણ છે જો કે વનવિભાગ એ પ્રથામિક પુષ્ટી કરતા જણાવ્યું હતું કે બતકમાં કોમ્બ ડુક્ક જાતિના આ બચ્ચાઓ હોઈ શકે જે તળાવ ની બાજુમાં કોઈ ઝાડ પર ૨૦ થી ૨૫ ઈંડા મુકીને સુરક્ષિત જગ્યા પોતાના બચ્ચાનો ઉછેર કરતા હોય છે અચાનક સવારની સમય ઝાડ પરથી ટપા ટપ જમીન પર કોઈ અનોખ પક્ષીના બચ્ચા જમીન પર પડતા ગામલોકો પક્ષીના બચ્ચાને જોવા માટે ભીડ એકત્રિત થઈ ગઈ હતી. (તસવીર : હરેશ જોષી, પાલનપુર)

# ભિલોડા માર્કેટયાર્ડ દ્વારા જૂથ અકસ્માત વિમાના ચેક વિતરણ કરાયા

ભિલોડા,તા.૧૪

અરવલ્લી જીલ્લાના ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ધ્વારા જુથ અકસ્માત વિમાના આઠ ચેક વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ પ્રસંગે ધી સાબરકાંઠા જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લી. ચેરમેન મહેશભાઈ પટેલ, વા.ચેરમેન રાજેન્દ્રસિંહ ભાટી, સાબરડેરી ડિરેક્ટર જેસીંગભાઈ પટેલ, ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયા, દિલીપભાઈ કટારા, ડિરેક્ટર જીલ્લા ખરીદ વેચાણ સંઘ, હિંમતનગર ભીખાભાઈ પટેલ, ભિલોડા જમીન વિકાસ બેંક ચેરમેન શાંમળદાસ પટેલ, લાલસિંહ ચૌહાણ, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, ગલબાભાઈ પ્રજાપતી, રઘજીભાઈ પટેલ, ગજાનંદભાઈ પ્રજાપતી, કુમુદચંદ્ર શાહ, કાંતીલાલ શાહ, ઈન્દ્રજીતસિંહ રાઠોડ, પ્રેમજીભાઈ નિનામા, ભીખાભાઈ ભાટીયા સહિત ખેડુતો, વેપારીઓ, સરપંચો, દુધ મંડળીઓ, સેવા મંડળીઓના ચેરમેનો, વા.ચેરમેનો, સેક્રેટરીઓ અને અગ્રણીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.



ભિલોડા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતી ચેરમેન હિતેન્દ્રસિંહ સિસોદીયા અને સેક્રેટરી કાંતીલાલ પંચાલએ જાણાવ્યું હતું કે, જુથ અકસ્માત વિમા યોજનાનો શુભારંભ તા.૧/૨/૨૦૧૫ થી કરેલ છે. ભિલોડા તાલુકા વિધાનસભા મતવિસ્તારના મતદાર યાદી મુજબના મતદારોનો વિમો માર્કેટયાર્ડ ધ્વારા લેવાયેલ છે. ભિલોડા માર્કેટયાર્ડ ધ્વારા રૂા.૧૦,૮૪,૨૫૮/- નું વિમા કવચનું પ્રિમીયમ ભરવામાં આવેલ છે. ભિલોડા તાલુકાના ૮ વ્યક્તિઓના આકસ્મીક અવસાન થતાં તેમના વારસદારોને આકસ્મીક વિમા યોજના હેઠળ રૂા.૫૦,૦૦૦/-ની રકમનો ચેક આપવામાં આવેલ હતો.

# ગ્રામ્ય સ્તર પર લઘુ ઉદ્યોગને માર્જીન મની સરકાર આપશે

અમદાવાદ, તા.૧૪

રાજ્યમાં રોજગારીનું પ્રમાણ વધે અને લોકો આર્થિક રીતે સદ્ધર થાય તે માટે રાજ્ય સરકારે સઘન આયોજન કર્યું છે. જેના ભાગરૂપે ગ્રામ્યસ્તરે ગ્રામીણલોકો પોતાના ગામમાં રહીને લઘુ, કુટિર અને ગ્રામીણ ઉદ્યોગો સ્થાપી રોજગારી મેળવે તે માટે માર્જીન મની યોજના અશીર્વાદરૂપ પુરવાર થઈ રહી છે. રાજ્ય સરકારના ઉદ્યોગ અને ખાણ વિભાગના ઠરાવમાં જણાવ્યા અનુસાર રાજ્યના ગામડાંઓને જ્યોતિગ્રામ યોજના હેઠળ ૨૪ કલાક થ્રીફેઝ વીજ પુરવઠો પુરો પાડવામાં આવે છે. જેના થકી ગ્રામ્યસ્તરે ઉદ્યોગોનું પ્રમાણ વધ્યું છે. જ્યોતિગ્રામોદ્યોગ વિકાસ યોજના અંતર્ગત અમલી માર્જીન મની યોજના હેઠલ રૂપિયા ૧૦ લાખ સુધીના પ્રોજેક્ટ માટે પ્રોજેક્ટ ખર્ચના ૨૫ ટકા અને રૂપિયા ૧૦ લાખથી રૂપિયા ૨૫ લાખ સુધીના પ્રોજેક્ટ માટે રૂપિયા ૧૦ લાખના પ્રોજેક્ટ ખર્ચના ૨૫ ટકા વત્તા બાકીના પ્રોજેક્ટ ખર્ચના ૧૦ ટકા લેખે માર્જીન મની રાજ્ય સરકાર ચુકવશે. જ્યારે અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલાઓ, ૪૦ ટકાથી વધુ શારીરિક રીતે વિકલાંગ વ્યક્તિઓ, માજી સૈનિકો જેવા લાભાર્થીઓ માટે માર્જીન મની અનુદાન રૂપિયા ૧૦ લાખ પ્રોજેક્ટ ખર્ચના ૩૦ ટકા રહેશે. રૂપિયા ૧૦ લાખથી ૨૫ લાખ સુધી અન્ય લાભાર્થીઓની જેમ પ્રોજેક્ટ ખર્ચના ૧૦ ટકા લેખે માર્જીન મની મળવા પાત્ર રહેશે. અત્રે ઉલ્લેખનીય છે કે, માર્જીન મની યોજનાનો લાભગ્રામ્ય વિસ્તારોમાં સ્થાપવામાં આવેલ નવા પ્રોજેક્ટોને મળશે. જેમાં પ્રોજેક્ટકે મશીનરી માટે કામદારનું માથાદીઠ નિયત રોકાણ રૂપિયા ૧ લાખથી વધુ ન હોવું જોઈએ.વ્યક્તિગત કારીગરો/ઉદ્યોગ સાહસિકો જે ૨૫થી ૫૦ વર્ષની ઉંમર ધરાવતા હોય, ૧૦મું ધોરણ પાસ અને ઘરે રહીને પ્રોજેક્ટમાં કામ કરતા હોય તથા માન્ય સંસ્થામાં તાલીમ મેળવેલી હોવી અનિવાર્ય છે. સૂચિત પ્રોજેક્ટની ચીજવસ્તુઓના ઉત્પાદનમાં રોકાયેલા હોય અને બેન્ક દ્વારા ગ્રેડ-૨ સ્વ સહાય જૂથોના લાભ મળવા પાત્ર છે.

આ યોજના હેઠળ અરજદારોએ જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોમાં નિયત નમૂનાના અરજી પત્રકોમાં જરૂરી સાધનિક કાગળો સાથે અરજી કરવાની રહેશે. ચકાસણી સમયે મંજુરી બાદ પ્લાન-મશીનરી ઈન્સ્ટોલેશન વખતે ઉત્પાદન શરૂ થવાના સમયે દર ત્રણ માસે ઓછામાં ઓછા એકવાર મુલાકાત લઈ નિયત ચેકલીસ્ટમાં જનરલ મેનેજમેન્ટને રજૂ કરવાના રહેશે અને મંજુર કરેલ યુનિટની જનરલ મેનેજર, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોએ છ માસમાં ઓછામાં ઓછી એક વખત તપાસ કરવાની રહેશે. આ યોજના હેઠળ નાણાં કરજે લેનારે પ્રોજેક્ટ ખર્ચના ઓછામાં ઓછા ૧૦ ટકા લેખે પોતાનું યોગદાનરૂપે રોકાણ કરવાનું રહેશે.અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ, મહિલાઓ ૪૦ ટકા કે તેથી વધુ શારીરિક રીતે વિકલાંગ વ્યક્તિઓ અને સૈનિકો જેવા લાભાર્થીઓએ પોતાના તરફથી ઓછામાં ઓછું ૫ ટકા રોકાણ કરવાનું રહેશે. નાણાં લેનારે પોતાના તરફથી પ્રોજેક્ટ ખર્ચના વધુ ૨૦ ટકા સુધી રોકાણ કરવા દેવામાં આવશે.